# સાબરકાંઠા પોલીસે ૯ વર્ષથી વોન્ટેડ રાજસ્થાનના આરોપીને દબોચ્યો

**હિંમતનગર મહાવીરનગર ચોકડી પાસેથી અટકાયત**



સાબરકાંઠા એસ.ઓ.જી.એ રાજસ્થાન પોલીસ સ્ટેશનનો નોંધાયેલા ગુનામાં છેલ્લા ૯ વર્ષથી વોન્ટેડ આરોપીને દબોચી બી-ડીવીઝન પોલીસને સુર કર્યો છે અને આ અંગે રાજસ્થાન પોલીસને જાણકારી આપવામાં આવી છે. પ્રાપ્ત જાણકારી અનુસાર સાબરકાંઠા એસ.ઓ.જી. પી.આઈ., પી.એલ.વાઘેલા તથા તેમના સ્ટાફ દ્વારા નાસતા ફરતા આરોપીઓને પકડી પાડ માટેનું અભિયાન તેજ બનાવ્યું છે. જેમાં પોલીસને બાતમી મળી હતી કે રાજસ્થાન રાજ્યના ચિત્તોડગઢ જિલ્લાના નિંબાહેડા પોલીસ સ્ટેશનમાં જેની સ અપહરણનો ગુનો નોંધાયો છે તે આરોપી દશરથસિંહ ગોપાલસિંહ રાજપૂત ભોગ બનનાર તેની પત્નિ રાધાબેન સાથે હિંમતનગર બસ સ્ટેશન આગળ ર જોઈને ઉભો છે જેથી એસ.ઓ.જી. પોલીસે બાતમી આધારીત વોચ રાખી આરોપીને દબોચી લીધો હતો અને સી.આર.પી.સી. કલમ-૪૧ મુજબ ડીટેઈન કે હિંમતનગર બી-ડીવીઝન પોલીસને સુપ્રત કરવામાં આવ્યો છે.

# બાયડ કોર્ટે ચેક પરત ફરવાના કેસમાં ૧ વર્ષની કેદની સજા ફટકારી

**ફરિયાદીને વળતર પેટે રુ ૧.૭૦ લાખ ચૂકવવા આદેશ**

બાયડ એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં આરોગ્ય વિભાગના નિવૃત્ત કર્મચારીએ હાથ ઉછીના આપેલા પૈસા પેટે આપેલ ચેક પરત ફરતાં કોર્ટે કપડવંજ તાલુકાના નીજામીયાં ગામના આરોપીને તકસીરવાન ઠેરવી ૧ વર્ષની સાદી કેદની સજા તેમજ ફરિયાદીને રુ ૧.૭૦ લાખ વળતર પેટે ચૂકવવા આદેશ કર્યો છે. પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લામાં ચેક પરત ફરવાના કેસમાં કોર્ટો દ્વારા સર્ણ વલણ દાખવી આરોપીઓ સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. બાયડ તાલુકાના વડોદરા ગામના અને અંતિસર આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા મુકુંદભાઈ જેઠાભાઈ પટેલે કપડવંજ તાલુકાના નાજીમીયાના ભૂરાભાઈ બાલુભાઈ પરમારને હાથ ઉછીના રુ ૧,૭૦,૦૦૦ રૂપિયા આપ્યા હતા અને તે પેટે તેઓએ બેક્ર ઓફ બરોડાનો ચેક આપ્યો હતો પરંતુ ચેક બેક્રના ભરણામાં ગયા પછી અપૂરતા બેલેન્સના કારણે પરત ફર્યો હતો અને પૈસા પરત ન આપતાં છેવટે ફરિયાદીએ તેમના એડવોકેટ ધૈર્ય આર. પટેલ મારફતે બાયડ કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો જે એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ બાયડની કોર્ટમાં ચાલી જતાં ફરિયાદી પક્ષના એડવોકેટની દલીલોને ધ્યાનમાં લઈ આરોપીને તકસીરવાન ઠેરવી ૧ વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવ્યો છે તેમજ આરોપીએ ફોજદારી કાર્યવાહીથી સંહિતાની કલમ-૩૫૭ અન્વયે ફરિયાદીને ચેકની રકમ રૂ ૧.૭૦ લાખ વળતર ચૂકવી આપવા આદેશ કર્યો છે અને જો સદર રકમ ફરિયાદીને ચૂકવવામાં નિષ્ફળ જાય તો વધુ ૩ માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવ્યો છે.

# મોડાસા અલફલાહ નગર પ્રા.શાળામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ યોજાયો



મોડાસા શહેરની કીડીયાદ સોસાયટી વિસ્તારમાં આવેલી અલફલાહ નગર પ્રા.શાળામાં શનિવારે મોડાસા મામલતદાર આર.કે. પરમારની અધ્યક્ષતામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો જેમાં ઈસરોલ સીઆરસી નીરવભાઈ તેમજ મોડાસા નગર પાલિકાના કોર્પોરેટર લાલાભાઈ, બુરહાન ચગન, શિક્ષણવિદ સલીમ ભાઈ અને એસએમસી અધ્યક્ષ મહેમુદ ભાઈ અને સોસાયટી વિસ્તારના રહીશો ઉપસ્થિત રહી બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો શાળા પ્રવેશોત્સવમાં નવીન પ્રવેશ પામતા બાળકોને એક અજ્ઞાન દાતા તરફથી સ્કૂલ બેગ આપવામાં આવી હતી તેમજ મંડપની રાહતદરે સેવા સફી ભાઈએ આપી હતી શાળાના આચાર્ય નર્મદાબેન સુતરીયા અને સ્ટાફ મિત્રોએ સમગ્ર પ્રસંગની રંગારંગ ઉજવણી માટે ભારે જહેમત ઉઠાવી હતી અલફલાહ નગર પ્રા.શાળાના શૈક્ષણિક સ્ટાફની શાળામાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓ અને પરિવારજનોની સરાહના કરી હતી.

# પ્રાંતિજ તથા વડવાસા પાટીયા પાસેથી મૃત હાલતમાં બે જણ મળી આવ્યા

પ્રાંતિજ ના ગલેચી વિસ્તાર મા આવેલ બસસ્ટેશન મા વહેલી સવારે એક યુવાન મૃત હાલત મા મળી આવતા આજુ બાજુ માથી લોકો દોડી આવ્યા હતા અને મૃતક યુવક ની ઓળખ ના થતા આ વિસ્તાર ના મહિલા કોર્પોરેટર ના પતિ મહેશભાઈ દ્વારા પ્રાંતિજ પોલીસ ને જાણ કરાઈ હતી તો પ્રાંતિજ પોલીસ સ્ટેશન ના એ.એસ.આઇ માનસિંહ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને મૃતક ની લાશ ને પ્રાંતિજ સિવિલ ખાતે મોકલી આપી હતી અને તેના વાલીવારસ દાર ની શોધખોળ હાથ ધરવામા આવી હતી જેમા મૃતક યુવક પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેન્ડ ટેકરા વિસ્તાર નો ટીનુસિંહ અનુપસિંહ રાઠોડ હોવાનુ જાણવા મળ્યુ હતુ અને કુદરતી રીતે મોત થયુ હોય તેવુ જાણ મા મલ્યુ હતુ તો પ્રાંતિજ ના વડવાસા પાટીયા પાસેથી મૃત હાલત મા મળી આવેલ આધેડ ની ઓળખ થઈ નહતી પણ આજુબાજુ હોટલો તથા રોજીંદુ અવરજવર કરતા લોકોએ પાગલ હોવાનુ જણાવ્યુ હતુ અને થોડાક દિવસો થી અહી અવરનવર કરતો હતો અને હિન્દી ભાષા બોલતો હતો જેથી બહાર ના રાજય નો હોય તેનુ પણ પ્રાથમિક તપાસ મા કુદરતી રીતે મોત નિપજયુ હોવાનુ જાણવા મલ્યુ હતું.

# આકરૂન્દ સેવા મંડળીમાં ભરત પટેલ ચેરમેન પદે સતત બીજીવાર બિનહરીફ

**પંથકમાં દિવાળી જેવો માહોલ**

હિંમતનગર (બ્યુરોઓફિસ), તા.૨૭

ધનસુરા તાલુકાની આકરૂન્દ સેવા મંડળીમાં ભાજપનો ભગવો લહેરાવ્યા પછી સોમવારે સેવા મંડળીના ચેરમેન-વાઈસ ચેરમેન પદની ચૂંટણી યોજાઈ હતી જેમાં સતત બીજીવાર ભરત નરસિંહભાઈ પટેલ(મુખી) બિનહરીફ ચૂંટાઈ આવતાં સમગ્ર ગામ અને ખેડૂત આલમમાં ખુશાલી છવાઈ છે અને પંથકમાં દિવાળી જેવો માહોલ જોવા મળ્યો. વર્તમાન વર્ષ દરમ્યાન સેવા મંડળીએ અધધ ૯૯ ટકાથી વધુ વસુલાત મેળવી ઈતિહાસ રચ્યો છે.

તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં આકરૂન્દ સેવા મંડળીમાં ચેરમેન તરીકે ભરત પટેલ અને તેમની ટીમ ચૂંટાઈ આવ્યા પછી સ્વચ્છ અને પારદર્શક વહીવટથી તમામ સભાસદો અને ખાતેદારોના દિલ જીતી લીધા હતા. વર્તમાન હોદ્દેદારોની મુદત પૂરી થઈ



એટલે નિયમ મુજબ ચૂંટણી જાહેર કરવામાં આવી હતી. સેવા મંડળીમાં કોઈપણ ભોગે ચૂંટણી યોજાય તેવા પેંતરા રચાયા પરંતુ મતદારોનો મિજાજ પારખી ગયેલા બધું શાનમાં સમજી ગયા અને આકરૂન્દ સેવા મંડળીના તમામ ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવતાં આકરૂન્દની સહકારી સંસ્થામાં ફરી એકવાર ભાજપનો ભગવો લહેરાવ્યો હતો ત્યારબાદ તા.૨૭ જૂનના રોજ ચેરમેન, વાઈસ ચેરમેન માટે ચૂંટણી યોજાઈ જેમાં ચેરમેન તરીકે ભરત નરસિંહભાઈ પટેલ(મુખી), વાઈસ ચેરમેન તરીકે બાબુભાઈ સોલંકી અને આંતરીક ઓડીટર તરીકે કાળાભાઈ દેસાઈ બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરાતાં આકરૂન્દ પંથકમાં ભરચોમાસે દિવાળી જેવો માહોલ જોવા મળ્યો. ફરીથી ચેરમેન પદે ચૂંટાયેલા ભરત પટેલે જણાવ્યું કે આકરૂન્દ સેવા મંડળીને સમગ્ર જિલ્લાની અગ્રીમ હરોળની સેવા મંડળી બનાવવાના પ્રયાસો કરાશે. બિનહરીફ ચૂંટાયેલા હોદ્દેદારો ઉપર દિવસ દરમ્યાન અભિનંદન વર્ષા શરૂ થઈ હતી. સેવા મંડળીના સેક્રેટરી ઈશ્વરભાઈ પટેલે જણાવ્યું કે સેવા મંડળીની ચૂંટણી બિનહરીફ જાહેર થયા પછી હોદ્દેદારો પણ બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. શાંતિપૂર્વક ચૂંટણી પ્રક્રીયા સંપન્ન થતાં તેઓએ ખેડૂત સભાસદ ભાઈ-બહેનો, થાપણદારો અને મતદારોનો આભાર માન્યો હતો.

# સાબરકાંઠા બેંકની ૬૪મી વાર્ષિક સાધારણ સભા હર્ષ ઉલ્લાસ સાથે સંપન્ન

**ચેરમેન મહેશ પટેલ સરકારી યોજનાઓનો લાભ ખેડૂતો સુધી પહોંચાડવા કટિબદ્ધ**

મોડાસા, તા. ૨૭

સમગ્ર સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની આર્થિક જીવાદોરી સમાન તેમજ લોક હૃદયમાં સ્થાન પામેલી ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.હિંમતનગરની ૬૪મી વાર્ષિક સાધારણ સભા બોચાસણવાસી અક્ષર પુરષોત્તમ સ્વામીનારાયણ મંદિર કાંકણોલ હિંમતનગર મુકામે શનિવારે બેંકના બહોળા સભાસદ સમુદાય વચ્ચે યુવા અને ઉત્સાહી ચેરમેન મહેશભાઈ અમીચંદભાઈ પટેલના પ્રમુખ સ્થાને યોજાઈ હતી . સાબરકાંઠા બેંકની ૬૪મી વાર્ષિક સાધારણ સભાની શરૂઆતમાં કોરાના કાળમાં મૃત પામેલ સદ્ગત અસંખ્યા આત્માઓની શાંતિ માટે તેમજ બેંકના પૂર્વ ડીરેક્ટર સ્વ.હિરાભાઈ રેવાભાઈ પટેલ , સ્વ.અંબાલાલભાઈ જયશંકરભાઈ ઉપાધ્યાય , તથા પૂર્વ મેનેજર સ્વ.જીતુભાઈ માધાભાઈ પટેલને બે મીનીટ મૌન પાળી શ્રધ્ધાસુમન અર્પણ કરવામાં આવેલ. આ પ્રસંગે સભામાં ઉપસ્થિત સાંસદ દીપસિંહ રાઠોડ,હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, બાયડના ધારાસભ્ય જશુભાઈ પટેલને ચેરમેન મહેશભાઈ પટેલે ફુલહાર , શાલ અને મોમેન્ટો આપી સ્વાગત કરી સન્માન કરેલ ,ત્યારબાદ ચાલુ વર્ષે ગુજકોમાસોલની નિયામક મંડળની ચુંટણીમાં ડીરેકટર તરીકે સતત બીજીવાર બિનહીરફ વરણી થવા બદલ બેંકના ચેરમેન મહેશભાઈ અમીચંદભાઈ પટેલ તથા ડીરેકટર જગદીશભાઈ શામજીભાઈ પટેલનું પુષ્પહાર અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું





આ પ્રસંગે બેંકના ચેરમેન મહેશ પટેલે સરકારની વિવિધ ખેડૂત - લક્ષી યોજનાઓ જેવીકે પ્રધાનમંત્રી સન્માનનિધિ યોજના , પ્રધાનમંત્રી જીવન જયોત તથા પ્રધાનમંત્રી જીવન સુરક્ષા યોજના તથા અટલ પેન્શન યોજનાઓની વિસ્તૃતછણાવટકરી ખેડૂતોને લાભ લેવા જણાવેલ બેંકના ચેરમેનશ્રી દ્વારા ડીજીટલ ટ્રાન્ઝેકશન થકી મળતા લાભો જેવા કે રૂપે કાર્ડ દ્વારા ટ્રાન્ઝેકશન કરવાથી મળતા વિમાના તેમજ અન્ય લાભો વિશે વિસ્તૃત જાણકારી આપવા આવી હતી તેમજ માઈક્રો એ.ટી.એમ.દ્વારા ડીઝીટલ ટ્રાન્ઝેકશન કરવા આહવાન કરવામાં આવેલ વળી ડીઝીટલ વ્યવહાર થકી ચોરી જેવા બનાવોથી કેવી રીતે બચી શકાય છે તેની વિગતે સમજ આપવામાં આવેલ ખેડૂતોને સરકારની તમામ યોજનાઓનો લાભ મળી શકે તે માટે બેંક થકી મદદરૂપ થવાય તેવા પ્રયત્નો કરવાની હૈયા ધારણ આપી સરકાર દ્વારા વન બેંક વન બોરોઅર યોજના મુકવામાં આવેલ છે ખેડૂતોને વન બેંક વન બોરોઅર યોજનામાં આવવા માટે લોન દ્વારા સાબર તત્કાલ યોજના મુકવામાં આવી જેનો ખેડૂતોએ મોટા પ્રમાણમાં આ યોજનાનો લાભ પ્રાપ્ત થયો હોવાનું જણાવ્યું હતું. બેંકની સાધારણ સભામાં એજન્ડા ઉપરની તમામ કાર્યવાહી બેંકના ચીફ એકઝીકયુટીવ એચ.પી.નાયક દ્વારા હાથ ધરાતા તમામ સભાસદોએ આ તમામ કામોને સર્વાનુમત્તે અનુમોદન આપતાં સાત્વીક સહકારીતાના અદભૂત દર્શન કરાવડાવેલ .અંતમાં બેંકના વાઈસ ચેરમેન રાજેન્દ્રસિંહ એન.ભાટીએ ઉપસ્થિત તમામ સભાસદોનું તથા સહકારી આગેવાનોનો આભાર માની મીટીંગનું કામકાજ પૂર્ણ થયેલ જાહેર કર્યું હતું.

# પ્રાંતિજ સહિત તાલુકામાં વાવાઝોડુ ત્રાટક્યું

**પુનાદરા, સદાના મુવાડા, પીલુદા રોડ ઉપર પતરા ઉડયા : પુનાદરા નકળંગ આશ્રમ સહિત બોરકુવા, ફાર્મ હાઉસ ના પતરા ઉડયા : લાખ્ખો રૂપિયાનુ નુકસાન થયુ : પુનાદરા આશ્રમમા સેડ ઉડી જતા અનાજ પલરી ગયુ : મોટી જાનહાની ટળતા તંત્ર એ હાશકારો લીધો**



પ્રાંતિજ તા.૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામા તેજ પવન સાથે વાવાઝોડુ ત્રાટકર્યુ હતુ જેમા પ્રાંતિજ પીલુદા રોડ, પુનાદરા, સદાના મુવાડા ખાતે મકાનોના બોર કુવાઓ, ફોર્મ હાઉસ સહિત નકળંગ આશ્રમના પતરા ઉડયા હતા. પ્રાંતિજ સહિત તાલુકામા સાંજના સમયે તેજ પવન સાથે મીની વાવાઝોડુ ત્રાટકર્યુ હતુ જેમા પ્રાંતિજ ના પીલુદા રોડ ઉપર આવેલ બાબુભાઇ પશાભાઇ પટેલ ના ખેતરમા રહેલ પતરાનો સેડ આખોને આખો પતરા પાઈપ સાથે ઊડીને ખેતરમા જઈ પડયો હતો તો પ્રાંતિજ તાલુકાના પુનાદરા ખાતે આશ્રમમા રહેલ આખો સેડ ઉડીને ૫૦ ફુટ સુધી ફેકાઈ ગયો હતો તો સેડ ઉડી જતા આશ્રમ મા રહેલ અનાજ પણ વરસાદ મા પલરી ગયુ હતુ તો પાસે આવેલ જનની ફાર્મ હાઉસ મા પણ પતરા નો સેડ ઉડી જતા પાસે આવેલ ખેતર મા જઈ પડયો હતો તો પશુ ધાસચારો તથા અનાજ મુકેલ હોય તે વરસાદ મા પલરી ગયુ હતુ જતા ફોર્મ હાઉસ માલિક વનરાજસિંહ ઝાલાને પણ મોટુ નુકશાન થયુ હતુ તો પુનાદરા ગામ સહિત આજુબાજુ મા અનેક મકાનોના પતરા ઉડયા હતા જયારે સદાના મુવાડા ગામે પણ બોરકુવા સહિત ધરો ના પતરા ઉડયા હતા ત્યારે વાવાઝોડામા કોઈ મોટી જાનહાની ના થતા તંત્ર એ પણ રાહત નો દમ લીધો હતો ત્યારે તંત્ર દ્વારા સર્વે કરી નુકસાનની રકમ ચુકવવામા આવે તેવી ગામજનોની માંગ પણ ઉઠવા પામી છે.

# ડીસામાં રથયાત્રા સંદર્ભે શાંતિ સમિતિની બેઠક યોજાઈ.....



ડીસા, તા. ૨૭

ડીસા ખાતે ૧લી જુલાઇએ યોજાનાર ભગવાન શ્રી જગન્નાથજીની ભવ્ય રથયાત્રાને અનુલક્ષીને ડીસા દક્ષિણ પોલીસ મથકે પોલીસ અધિકારીઓ તેમજ નગરના હિન્દુ- મુસ્લિમ સમાજના અગ્રણીઓ અને શ્રી જગન્નાથજી રથયાત્રા ઉત્સવ સમિતિના આયોજકોની હાજરીમાં શાંતિ સમિતિની બેઠક યોજાઇ હતી. ડીસા નગર ખાતે છેલ્લા ૨૩ વર્ષથી યોજાતી ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રાનો નગરજનોમાં અનેરો મહિમા અને ભક્તજનોમાં અનોખો શ્રદ્ધાભાવ છે.વર્ષોની પરંપરા મુજબ આ વર્ષે પણ ૧ જુલાઈના રોજ શ્રી જગન્નાથજી રથયાત્રા ઉત્સવ સમિતિ દ્વારા રથયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. જેને અનુલક્ષીને કાયદો-વ્યવસ્થા અને નગર ખાતે ભાઈચારાની ભાવના અને શાંતિ સાથે રથયાત્રા યોજાય તે માટે ડીસા શહેર ?દક્ષિણ પોલીસ મથકના પ્રાંગણમાં ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા,નગરપાલિકાના પ્રમુખ રાજુભાઈ ઠક્કર સહિત ડીસા શહેર ભાજપ પ્રમુખ પ્રતિક પઢીયાર, મહામંત્રી હકમાજી જોષી, રાકેશભાઈ પટેલ, ભાજપના વિવિધ ચૂંટાયેલા પ્રતિનિધિઓ? તથા વિવિધ મોરચાના હોદેદારો અને ડીસા નાયબ પોલીસ અધિક્ષક ડીસા દક્ષિણ પોલીસ મથકના પીઆઈ પટણી અને શ્રી જગન્નાથજી રથયાત્રા ઉત્સવ સમિતિના પ્રમુખ જાણિતા ધારાશાસ્ત્રી ગંગારામ પોપટ, જાગૃત નાગરિક સંસ્થાના પ્રમુખ તથા જયોતિષાચાર્ય કિશોરભાઈ દવે, બહાદુરસિંહ વાઘેલા,લોધા સમાજના અગ્રણી રમેશભાઈ લોધા, મુસ્લિમ સમાજના તારીકભાઈ સોલંકી સહિત નામી અનામી મહાનુભાવો હોદેદારો અને નગરના આગેવાનોની ઉપસ્થિતિમાં શાંતિ સમિતિની બેઠક યોજાઇ હતી. જેમાં બન્ને પોલીસ અધિકારીઓ દ્વારા રથયાત્રાના રૂટને લઈને તેમજ રથયાત્રાના વિવિધ પાસાઓને લગતી બાબતે ચર્ચા-વિચારણા કરી વિવિધ સલાહ સૂચનોની આપલે કરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# મોડાસા : શ્રી કમલમ કાર્યાલય નજીક કાર ચાલક એક્ટિવાને બચાવવા જતા કાર દુકાનમાં ઘુસી જતા ભારે અફડાતફડી

મોડાસા, તા. ૨૭

મોડાસા શહેરના બાયપાસ રોડ પર સતત વાહનોની અવર-જવર રહે છે વાહનચાલકો બેફામ ગતિએ વાહન હંકારતા સતત અકસ્માતની ઘટનાઓ બની રહી છે બાજકોટ દેવરાજધામ નજીક શ્રી કમલમ કાર્યાલય પાસે દસ દિવસમાં ત્રણ અકસ્માતની ઘટનાઓ બની હતી જેમાં એકનું મોત નીપજ્યું હતું જીલ્લા સેવાસદન બાજુથી પુરપાટ ઝડપે આવતી કારના ચાલકે એક્ટિવા ચાલકને બચાવવા જતા સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા કાર રોડ બાજુમાં રહેલી દુકાનમાં ઘુસી જતા ભારે અફડાતફડી મચી હતી અકસ્માતના પગલે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા





મોડાસા બાયપાસ રોડ પર દેવરાજધામ નજીક બપોરના સુમારે જીલ્લા સેવાસદન તરફથી આવતી એસેન્ટ કારની વચ્ચે અચાનક એક્ટિવા આવી જતા કાર ચાલકે એક્ટિવા ચાલકને બચાવવા બ્રેક મારતા કાર રોડ પરથી રેલાઈ રોડની બાજુમાં આવેલી દેવરાજધામ ટી-સ્ટોર્સ નામની દુકાનમાં ઘુસી જતા દુકાન માલિક અને ગ્રાહકોમાં ભારે અફડાતફડી મચી હતી સદનસીબે જાનહાની ટળતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ હાશકારો અનુભવ્યો હતો

**દેલવાડામાં પૈસા ખર્ચીને લાવેલી દુલ્હન ૧ મહિનામાં છૂમંતર**

# પાન પાર્લર ચલાવતા યુવકના લગ્ન કરાવી ૪૨.૫૦ લાખની છેતરપીંડી

**૬ જણની ટોળી સામે ગુનો નોંધાયો**

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૭

પોશીના તાલુકાના દેલવાડા ગામે પાન પાર્લર ચલાવી ઘરનું ગુજરાન ચલાવતા યુવક સાથે લગ્નના નામે છેતરપીંડી આચરવામાં આવી છે. લગ્ન કરાવી આપવાનું વિશ્વાસ આપી ? ૨,૫૦,૦૦૦ લગ્ન પેટે લીધાના ૧ મહિનામાં નવી સવી દુલ્હન કહ્યા વગર છૂમંતર થઈ જતાં પોલીસ ફરિયાદ થઈ છે. બનાવ અંગે પોશીના પોલીસે કુલ-૬ જણની ટોળી સામે વિશ્વાસઘાત અને છેતરપીંડીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ખેડબ્રહ્મા, પોશીના તાલુકામાં કન્યા વિક્રયનો ધંધો ફરીથી ધમધમતો થયો છે. અપરણિત યુવકોને લગ્ન કરાવી આપવાની લાલચ આપી લાખો રૂપિયાની છેતરપીંડી આચરવાના કિસ્સા પણ વધી રહ્યા છે. તાલુકાના દેલવાડા(છોછર) ગામમાં પાન પાર્લર ચલાવતા ભરત અમૃતભાઈ પ્રજાપતિનાં લગ્ન થયાં ન હતાં અને સમય વિત્યા પછી પણ યોગ્ય કન્યા મળી ન હોવાથી બેચરભાઈ હીરાભાઈ પ્રજાપતિ (રહે.રેલવે ફાટક પાસે, વડાલી)નો સંપર્ક કરવામાં આવ્યો. જેમાં રાજસ્થાનના છાણીખેરવાડાના લલીત રમેશભાઈ મીણા અને કણબઈ ખેરવાડા રાજસ્થાનના રામતપાલ છૂપાજી સાથે મુલાકાત કરાવ્યા પછી રાજસ્થાનના સાવડાના હંસાબેન કાન્તિભાઈ મીણા સાથે યુવકની ઓળખાણ કરાવી હંસાબેનના કથિત પિતા અને માતાએ ખોટી ઓળખ આપી લગ્ન કરાવી આપ્યાં તેમાં યુવક પાસેથી લગ્ન પેટે રૂ ૨,૫૦,૦૦૦ની રકમ લેવામાં આવી હતી. કુલ-૬ ઈસમોએ લગ્નના નામે યુવક સાથે છેતરપીંડી આચરી હોય તેમ ૧ મહિનામાં જ પૈસા ખર્ચીને લાવેલી દુલ્હન પતિ કે ઘરમાં અન્ય સભ્યોને કહ્યા વગર જ ફરાર થઈ જતાં પ્રજાપતિ પરિવાર ચોકી ઉઠ્યો છે. પત્નિ ગાયબ થયા પછી પાન પાર્લર ચલાવતા યુવકે પત્નિની શોધખોળ કરવાની સાથે આપેલ પૈસા પરત આવે તેવા પ્રયાસ કર્યા પરંતુ બંનેમાં નિષ્ફળતા મળી જેથી પોલીસ ફરિયાદ આપી છે.

**આરોપી...**

**બેચર હીરાભાઈ પ્રજાપતિ (રહે.રેલવે ફાટક પાસે, વડાલી)**
**લલીત રમેશભાઈ મીણા (રહે.છાણી, ખેરવાડા-રાજસ્થાન)**
**રામતપાલ હુરપાજી (રહે.કણબઈ, ખેરવાડા-રાજસ્થાન)**
**હંસાબેન કાન્તિભાઈ મીણા (રહે.સરાવડા, બાખલા ડુંગરપુર-રાજસ્થાન)**
**હંસાબેનના પિતા કાન્તિભાઈ હંસાબેનની માતા**
**(બંન્નેના નામ-ઠામ નથી)**

**બેટીયાં સ્કુલ ચલો. અભિયાનને સફળ બનાવ્યું**

# બાયડના પ્રા.શિક્ષક દ્વારા ધો.૧માં પ્રવેશ મેળવનારા ૫૦૦ બાળકોને દફતર સહિતની કીટ અપાઈ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૭

આમ તો શિક્ષક શબ્દ સાંભળો એટલે કરકસર કરવાવાળા અને પૈસા ગણવાવાળા તેવી સમાજમાં છાપ હોય છે પરંતુ બાયડ તાલુકાની પાલડી પ્રા.શાળાના શિક્ષકે દાતાઓના સહયોગથી સળંગ ૧૫મા વર્ષે ધો.૧ માં પ્રવેશ મેળવનારા બાળકોને દફતર સહિતની કીટ આપી સમાજમાં ઉમદા દ્રષ્ટાંત પુરુ પાડ્યું છે. બેટીયાં સ્કુલ ચલો અભિયાનને સાચા અર્થમાં સાર્થક કરી આ વર્ષે બાયડ તાલુકાની ૪૫ શાળાઓમાં ૫૦૦ બાળકોને કીટ આપ્યાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર અરવલ્લી જિલ્લાના તાલુકાની ૧૨૩૮ સરકારી પ્રા.શાળામાં તા.૨૩ થી ૨૫ જૂન દરમ્યાન કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ ગાંધીનગર સચિવાલય, જિલ્લા બહુમાળી ભવનના અધિકારીઓ તેમજ પદાધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો જેમાં ૩ દિવસ દરમ્યાન ૧૩,૧૦૧ કુમાર-કન્યાઓને



શાળાઓમાં ધો.૧માં પ્રવેશ આપવામાં આવ્યો હતો. ત્યારે બાયડ તાલુકાની પાલડી પ્રા.શાળાના મુખ્ય શિક્ષક ધર્મેશભાઈ એન. સોનીએ આ વર્ષે પણ કન્યા કેળવણીને ઉત્તેજન આપવાના હેતુથી દર વર્ષની જેમ ધો.૧ માં પ્રવેશ મેળવતાં ભૂલકાંઓને દફતર, દેશીહિસાબ, સ્લેટ, પેન અને વ્યસન મુક્તિની પુસ્તિકા આપીને તેમના શાળા પ્રવેશને યાદગાર બનાવવાનો પ્રયાસ કર્યો હતો. શિક્ષક પુત્રએ પોતાના જીવનમાં શિક્ષણના ગુણોને સંપૂર્ણપણે સમાવી લઈ પોતાનાથી થતા તમામ પ્રયત્નો કરવાની સાથે દાતાઓનો સહયોગ મેળવી શાળા પ્રવેશોત્સવ દરમ્યાન દફતર, પાટીપેનની ભેટ આપવાની પરંપરા વર્ષ-૨૦૦૭ થી શરુ કરી હતી. જે હાલ પણ ચાલુ રાખી છે. રાજ્યના તત્કાલિન શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પણ બાયડના શિક્ષકની કામગીરીની અગાઉના વર્ષોમાં નોંધ લીધી હતી. જો કે જિલ્લાનું વહીવટી તંત્ર આવા શિક્ષકોને નજરઅંદાજ કરતું હોય તેવું દેખાઈ રહ્યું છે.